Received on : 09-03-2026
Registered on : 09-03-2026
Decided on : 23-03-2026
Duration : Y M D
- - 22

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**<u>ફોજદારી પરચુ.અરજી નં. ૧૮૩/૨૦૨૬.</u>**

<u>આંક-</u>

**<u>અરજદાર.</u>** ફારૂક હસન ખાદીમ,
ઉ.વ.આ.૩૮,ધંધો-મજુરી,
રહે. નગીના વાડી, જુના રબારી વાડા,
હુસૈની મસ્જીદ પાસે, માંગરોળ, જી.જુનાગઢ.
હાલ : તાલુકા સબ જેલ, માંગરોળ.

**<u>-:: વિરૂધ્ધ ::-</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :-** એન.ડી.પી.એસ.એકટની કલમ ૮ (સી), ૨૨(બી) તથા ૨૯ ૨૯ મુજબ.

**સંદર્ભ :-** માંગરોળ પો.સ્ટે.ગુના રજી.નં. ૧૧૨૦૩૦૩૮૨૬૦૦૧૦/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી ડી.એન.અપારનાથી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એન.કે.પુરોહીત.

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ માંગરોળ પો.સ્ટે.ગુના રજી. નં.૧૧૨૦૩૦૩૮૨૬૦૦૧૦/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૨(બી) તથા ૨૯ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ. જીલ્લા સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૮ થી તપાસ કરનાર અમલદાર પી.કે.ચાવડા, પોલીસ ઈન્સપેકટર, માંગરોળ પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ડી.એન.અપારનાથીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, માંગરોળ પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૩૮૨૬૦૦૧૦/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૨(બી) તથા ૨૯ મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલી છે. અરજદાર/આરોપીની હાલની આ પ્રથા જામીન અરજી છે. આ કામે ગુનાનું ચાર્જશીટ થઈ ગયેલ છે. વધુમાં આ કામે એમ.ડી.ડ્રગ્સનો જથ્થો ધ્યાને લેવામાં આવે તો, ૩.૫૮ ગ્રામ, કિં.રૂા.૧૨,૫૩૦/- નો રહેલ છે. વધુમાં અરજદાર/આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. અરજદાર/આરોપીનો આ પ્રથમ ગુનો છે. અરજદાર/આરોપી જુનાગઢ જીલ્લાના માં ગરોળ તાલુકાના રહેવાસી છે જેથી કયાંય નાસી કે ભાગી જાય તેમ નથી. વધુમાં હાલના કામનો એમ.ડી.ડ્રગ્સનો જથ્થો ધ્યાને લેતા ઈન્ટર મીડીયટ કવોન્ટીટીનો

રહેલ છે. વધુમાં આ કામે અન્ય આરોપીઓને અત્રેની કોર્ટ ધ્વારા જામીન મુકત કરવામાં આવેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ. પી.પી. શ્રી એન.કે.પુરોહીત નાઓએ જામીન અરજી લગત વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપી એન.ડી.પી.એસ. ના ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલ છે. આ કામે ગુનાનું ચાર્જશીટ થતા તપાસ પુર્ણ થઈ ગયેલ છે. જેના એન.ડી.પી.એસ. કેસ નં.૦૬/૨૦૨૬ રહેલ છે. આમ, હાલના કામના ગુનાની ગંભીરતા ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી પી.કે.ચાવડા, પોલીસ ઈન્સપેકટર, માંગરોળ પોલીસ સ્ટેશનનાઓનું આંક–૦૮ નું સોગંદનામું તથા રજુ રેકર્ડ ધ્યાને લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામે હાલના અરજદાર/આરોપી ફારૂક હસન ખાદીમએ ગેરકાયદેસર આધાર પુરાવા વગરનો પ્રતિબંધીત મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો વેચાણ કરવા અર્થે આરોપી નં.૨ ફૈઝલખાન ઉર્ફે જોયેબખાન પઠાણ પાસેથી મેળવી રેડ દરમ્યાન અરજદાર/આરોપી ફારૂક હસન ખાદીમ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ૩.૫૮ ગ્રામ કિં.રૂા.૧૨૫૩૦/–, ખાલી જીપ બેગ નંગ–૦૫ તથા છાપાનો ટુકડો કિં.રૂા.૦૦/૦૦, તથા રીયલમી કંપનીનો તથા સેમસંગ કંપનીના મોબાઈલ ફોન નંગ–૨, કિં.રૂા.૨૦,૦૦૦/–, રોકડા રૂા.૧૩,૫૦૦/– મળી કુલ કિં.રૂા.૪૬,૦૩૦/– ના મુદદામાલ સાથે મળી આવી પકડાઈ જઈ તથા આરોપી નં.૨ વાળો હાજર નહીં મળી આવી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ રહેલ છે.

(૬) હાલના કામનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે અને તેના એન.ડી.પી.એસ કેસ નં.૦૬/૨૦૨૬ રહેલ છે. હાલના કામના અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, આ કામના અરજદાર/આરોપી ફારૂક હસન ખાદીમ રહે.નગીનાવાડી, જુના રબારી વાડા, હુસેની મસ્જીદ પાસે, માંગરોળ વાળાએ આ કામે નહી પકડાયેલ આરોપી નાનુ ઉર્ફે નાનુરામ સ/ઓ દામજી મીના રહે.ખોરાગામ, જી.પ્રતાપગઢ, રાજસ્થાનવાળા મારફતે આ કામના આરોપી નં.૨ ફૈજલખાન ઉર્ફે જોયેબખાન સ/ઓ બાદશાહખાન અકબરખાન પઠાણ રહે.દેવલડી ગામ, નવી અબાદી ખાલુતાર વિસ્તાર, તા.અરનોદ, જી.પ્રતાપગઢ, રાજસ્થાન વાળા પાસેથી અવારનવાર પ્રતિબંધીત મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો મેળવી રેઈડ દરમ્યાન અરજદાર/આરોપી ફારૂક હસનભાઈ ખાદીમ રહે.માંગરોળવાળો (૧) મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ૩.૫૮ ગ્રામ, કિં.રૂ.૧૨,૫૩૦/- (૨) ખાલી જીપ બેગ નંગ-૦૫ તથા છાપાનો ટુકડો કિં.રૂ.૦૦/૦૦ તથા (૩) રીયલમી કંપનીનો તથા સેમસંગ કંપનીના મોબાઈલ ફોન નંગ-૦૨, કિં.રૂ.૨૦,૦૦૦/- (૪) રોકડા રૂ.૧૩,૫૦૦/- મળી કુલ કિં.રૂ.૪૬,૦૩૦/- ના મુદદામાલ સાથે મળી આવી પકડાઈ જઈ તથા આરોપી નં.૨ પછીથી તપાસ દરમ્યાન રાજસ્થાન રાજય ખાતેથી મળી આવી પકડાઈ જઈ એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે. જો કે, હાલના કામે ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે અને તેના એન.ડી.પી.એસ કેસ નં.૦૬/૨૦૨૬ રહેલ છે. વધુમાં અન્ય પકડાયેલ આરોપી ફૈજલખાન ઉર્ફે જોયેબખાન સ/ઓ બાદશાહખાન અકબરખાન પઠાણનાઓને અત્રેની કોર્ટ ધ્વારા ફો.પ.અ.નં.૧૬૯/૨૦૨૬ ના કામે જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. વધુમાં આ કામે અરજદાર/આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ધ્યાને લેતા ૩.૫૮ ગ્રામ રહેલ છે. આમ, સદરહુ જથ્થો

ધ્યાને લેતા ભારત સરકારના જથ્થા અંગેના નોટીફીકેશન અન્વયે ઈન્ટર મીડીયટ કવોન્ટીટીનો રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી જુનાગઢના માંગરોળ તાલુકાના રહેવાસી છે. જેથી અરજદાર/આરોપી કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી તેવી અરજદાર તરફેની રજુઆતમાં વજુદ જણાય છે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે જેથી ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થવાની સંભાવના ઓછી રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. વધુમાં ફરીયાદપક્ષે અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીવખત આવા પ્રકારનો ગુનો કરશે તેવી દહેશત રહેલ છે તો તે બાબતે યોગ્ય શરત કરી શકાય તેમ છે. વધુમાં ના.સુપ્રિમ કાર્ટના sanjay Chandra v. Central Bureau of Investigation (2012) 1 SCC 40 TYF Satender Kumar Antil v. CBI (2022 SCC OnLine SC 825) ના ચુકાદાના માર્ગદર્શક નિર્દેશન ધ્યાને લીધા. જેથી ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામેના અરજદાર/આરોપીની યોગ્ય રકમના જામીન અને કડક શરતોએ જામીન અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

- હાલના અરજદાર/આરોપી ફારૂક હસન ખાદીમ, રહે. નગીના વાડી, જુના રબારી વાડા, હુસૈની મસ્જીદ પાસે, માંગરોળ, જી.જુનાગઢવાળાની માંગરોળ પો.સ્ટે.ગુના રજી.નં.૧૧૨૦૩૦૩૮૨૬૦૦૧૦/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૨(બી) તથા ૨૯ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી 'મંજુર' કરવામાં આવે છે.

- અરજદાર/આરોપીને માંગરોળ પો.સ્ટે.ગુના રજી.નં.૧૧૨૦૩૦૩૮૨૬૦૦૧૦/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૨(બી) તથા ૨૯ મુજબના ગુનાના

કામે રૂા. ૨૫,૦૦૦/– ના જામીન તથા જાત મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધિન તેઓને જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી, લોભ–લાલચ કે દબાણ આપવા નહી કે કોઈપણ રીતે સંપર્ક કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનુ હાલનુ અને કાયમી સરનામુ અત્રેની અદાલત સમક્ષ દસ્તાવેજી પુરાવા સાથે જાહેર કરવુ અને સરનામુ બદલાય તો તે અંગેની અત્રેની અદાલતને જાણ કરવી. અરજદાર/આરોપીએ પોતાના મોબાઈલ નંબર તથા આધાર નંબર જાહેર કરવા.

૩. અરજદાર/આરોપીએ ભવિષ્યમાં કોઈ ગુનાહીત પ્રર્વત્તિમાં સંડોવણી થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.

૪. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો નીચેની અદાલતમાં દિન–૭ માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે સંબંધેનુ સોગંદનામુ કરવુ.

૫. અરજદાર /આરોપીએ અત્રેની અદાલતની પૂર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

**૬.** અરજદાર /આરોપીએ હુકમની તારીખથી છ માસ સુધી દર મહીનાની તા.૦૧ થી ૦૫ દરમ્યાન એક વખત અને તા.૧૬ થી ૩૦ દરમ્યાન એક વખત એમ મહિનામાં કુલ બે વાર સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે કલાક ૧૦.૦૦ થી ૧.૦૦ દરમ્યાન હાજરી પુરાવવી.

– ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

– અરજદાર/આરોપીએ તેના જામીન અત્રેની અદાલતને સંતોષ થાય તે રીતે આપવાના રહેશે.

– આ હુકમની જાણ સબંધીત પોલિસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)